# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૪/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# કોરોનાથી બચવા માટે સેલ્ફ અને સામૂહિક ડિસીપ્લીન લાવવું પડશે : ડો. વિકાસબેન દેસાઇ

**ચેમ્બર દ્વારા 'કોરોના અથ થી ઇતિ' વિષય ઉપર વેબિનાર યોજાયો : કોરોનાની સમસ્યા ત્રણેક વર્ષ સુધી ચાલશે તેવું લાગી રહયું છે, એના માટે લાંબા ગાળા માટેનું આયોજન કરવું પડશે, ટેસ્ટીંગ અને ટ્રેકીંગની સાથે સમયસર ટ્રિટમેન્ટ કરવી જરૂરી છે : ડો. વિકાસબેન દેસાઇ**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૩ એપ્રિલ, ૨૦૨૧ના રોજ 'કોરોના અથ થી ઇતિ' વિષય ઉપર વેબિનાર યોજાયો હતો. જેમાં નવી સિવિલ હોસ્પિટલના પી.એસ.એમ. વિભાગના ભૂતપૂર્વ વડા તેમજ સામાજિક કાર્યકર્તા ડો. વિકાસબેન દેસાઇએ મહત્વની જાણકારી આપી હતી.

ડો. વિકાસબેન દેસાઇએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસ એ નવું ઇન્ફેકશન છે અને વાયરલ ઇન્ફેકશન છે. આ વાયરસના મોડેલ્સ બનાવવા સરળ નથી એટલે એ ઝડપથી વધી રહયો છે. જેટલી ઝડપથી એ વધી રહયો છે તેટલી ઝડપથી નીચે આવી શકશે એવી શકયતા છે. અન્ય દેશોએ તો કોરોનાના ત્રીજા વેવની સામેની તૈયારીઓ શરૂ કરી દીધી છે ત્યારે કોરોનાના કેટલા વેવની સામે લડવાનું છે હજુ ચોકકસ નથી. આથી એના માટે આપણે તૈયાર અને સચેત રહેવું પડશે. તેમણે કહયું કે, આજે નવા ઇન્ફેકશન આવે છે એ ડેવલપમેન્ટ ડિસઓર્ડર છે. જેટલા ઝડપથી પ્રગતિ થઇ રહી છે તેના કારણે આરોગ્યની સમસ્યા પણ ઉભી થઇ રહી છે. ઇકોલોજી

ડિસ્ટબર્ન્સને કારણે જંગલો ઓછા થઇ ગયા અને તેના કારણે પર્યાવરણના બદલાવની વિપરીત અસર થઇ રહી છે એ હકીકત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પહેલા અને અત્યારના વાયરસમાં ઘણા બદલાવ આવ્યો છે. આ વાયરસ ખૂબ જ સુક્ષ્મ જીવ હોવાથી તેના ગુણધર્મો બદલતો હોય છે. કોરોના વાયરસ શિયાળો, ઉનાળો અને ચોમાસામાં પણ ટકી ગયો છે. એટલે આ વાયરસની ગંભીરતા સમજવી પડશે. આ વાયરસ એના લક્ષણો બદલી રહયો છે. હાલમાં કોરોના વાયરસ ઉપર સીધી અસર કરે તેવી વેકસીન ઉપલબ્ધ થઇ નથી. તેમણે કહયું કે, સુરતમાં કોરોના કેસ માટે અઠવા ઝોન અવ્વલ છે. દરિયા કિનારેના વિસ્તારોમાં કોરોનાના કેસ વધારે જોવા મળ્યા છે. ઓગષ્ટ – સપ્ટેમ્બરમાં કોરોનાથી છુટયા એવું સમજીને લોકોએ રેસ્ટોરામાં જવાનું, પાર્ટીઓમાં જવાનું અને લગ્નો સમારોહમાં જવાનું શરૂ કર્યું અને ત્યારબાદ કેસો ફરીથી વધ્યા છે એવું કહી શકાય છે. લોકો હર્ડ ઇમ્યુનિટી વિશે જાણતા થયા છે એટલે કે આરોગ્યને લગતું સાચું જ્ઞાન લોકો પાસે જવું જોઇએ.

ડો. વિકાસબેન દેસાઇએ વધુમાં કહયું કે, સુરત એવું શહેર છે કે જે ફલડ, પ્લેગ અને લેપ્ટોસ્પાયરોસિસને હરાવીને પાછું બેઠું થયું છે. સુરત એ સ્થિતિ સ્થાપક શહેર છે અને ફરીથી મુળ પ્રગતિ ઉપર આવી જાય છે. પણ શહેરની આરોગ્ય સમસ્યાની વાત કરીએ ત્યારે આરોગ્ય અને પર્યાવરણ માટે સગવડો ઉભી કરવી જોઇએ અને નિયમોનું પાલન કરાવી શકાવું જોઇએ. બધા લોકોને આરોગ્ય વિશે માહિતગાર કરવું જોઇએ. એકલા તંત્રની જવાબદારી નથી પણ દરેકને આરોગ્ય વિશે વિચારવું પડશે.

તેમણે વધુમાં કહયું કે, માત્ર નોકરી આપવાથી કે ખાવાનું આપવાથી માઇગ્રન્ટ વર્કર્સ રોકાશે નહી. તેમના માટે માઇગ્રન્ટ પોલિસી અને માઇગ્રન્ટ કેર સેન્ટર ઉભું કરવા ઉપર ફોકસ કરવું પડશે. માઇગ્રન્ટ વર્કર્સ પાછા જવાની તૈયારી સાથે જ વતન જાય છે. માઇગ્રન્ટ્સમાં ત્રણ સ્તર છે. રિસન્ટ માઇગ્રન્ટ, પાંચ – દસ વર્ષથી શહેરમાં છે અને દસ વર્ષ કરતા વધુ સમયથી સુરતમાં આવેલા અને સુરતમાં સ્થાયી થઇ ગયેલા માઇગ્રન્ટ લોકો સુરતમાં જ રહીને દરેક પરિસ્થિતિનો સામનો કરે છે. કોરોનાની સમસ્યા ત્રણેક વર્ષ સુધી ચાલશે તેવું લાગી રહયું છે. એના માટે લાંબા ગાળા માટેનું આયોજન કરવું પડશે. ટેસ્ટીગ અને ટ્રેકીગની સાથે સમયસર ટ્રિટમેન્ટ કરવી જરૂરી છે.

ડો. દેસાઇએ કહયું કે, કોરોના પણ શહેરી આરોગ્ય સેવાનો વિષય છે. સુરતની આરોગ્ય સેવા દેશભરમાં વખાણાય છે. લોકો સુધી પહોંચવા માટે મહિલા આરોગ્ય સમિતિઓ, સ્લમમાં અને વોર્ડ સમિતિ બનાવવાની જરૂરિયાત છે. એક વોર્ડમાં લોકોને સમજી શકે અને લોકોને સમજાવી શકે તેવી કમિટી બનાવવાની જરૂરિયાત છે. ચૂંટાયેલા નગરસેવકોને જવાબદારી સોંપી શકાય છે. પ્રોએકટીવલી આ દિશામાં આગળ વધવાની જરૂર છે. સ્માર્ટ સિટીમાં આરોગ્યલક્ષી, બાળકોલક્ષી અને કલાયમેટલક્ષી ફોકસ કરવાની જરૂર છે. અંતે તેમણે બધાને માસ્ક સરખી રીતે પહેરવા માટે અનુરોધ કર્યો હતો.

વેબિનારમાં જોડાયેલા લોકોએ કોરોના વાયરસ, રેમડેસિવિર ઇન્જકેશન અને રસીકરણ વિશે પુછેલા સવાલોના પણ ડો. વિકાસબેન દેસાઇએ સંતોષકારક જવાબ આપ્યા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ સમગ્ર વેબિનારનું સંચાલન કર્યું હતું.